જન્મદિને વધામણી

વિપિનભાઈ એ ઓઝા
સભ્ય, સદ્‌વાંચન પરિવાર
મો. ૮૪૮૮૯ ૦૩૫૭૯

બિના કલ્પેશ રાજપુત

ધર્માબેન જતીનભાઈ દવે
મો. ૭૦૪૬૨ ૫૪૭૫૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ગાંધીનગર કેળવણી મંડળ, કોબા દ્વારા બુધવારે પોતાની સુવર્ણ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર કેળવણી મંડળ, કોબા પોતાનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવી રહ્યું છે.

મંડળના મેનેજિંગ ટ્રસ્ટી કિરીટભાઈ કોબાવાલા અને માનદ મંત્રી પ્રહલાદભાઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ગાંધીનગર કેળવણી મંડળ, કોબાની સ્થાપના ૧૯૬૪માં કરવામાં આવી હતી. મંડળના સંચાલનમાં હાલ પાંચ સ્કૂલ સફળતાપૂર્વક ચાલી રહી છે : જીડીએમ એન્ડ એચએનજે કોબાવાલા હાઈસ્કૂલ, મધુરી મનસુખલાલ વસા હાયર સેકન્ડરી સ્કૂલ (વિજ્ઞાન પ્રવાહ), મધુરી મનસુખલાલ વસા હાઈસ્કૂલ, મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક શાળા અને મોહિત કોબાવાલા પ્રિપ્રાયમરી સ્કૂલ. તપ, જ્ઞાન અને મુક્તિના ઉદાત ધ્યેય સાથે શિક્ષણની જ્યોત ઝગમગાવવાના પ્રયાસની સુવર્ણ જયંતિ સંસ્થા ઉજવી રહી છે.

આ ઉજવણી માટે આગામી તારીખ ૨૬ ઓક્ટોબર ને બુધવારના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯.૩૦ કલાકે ચીનુભાઈ નાના લાલ શાહ સાંસ્કૃતિક હૉલ ખાતે ધોરણ-૧૨, ૧૦માં પ્રથમ, દ્વિતિય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ચંદ્રક તથા ઈનામો વિતરણ કરવાનો સમારોહ યોજાશે, જેના પ્રમુખ તરીકે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ચેલાજી ઠાકોર, મહેમાન તરીકે ઉદ્યોગપતિ સુરેશભાઈ કોબાવાલા, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડ, આઈઓસીના ડિરેક્ટર પરીન્દુ ભગત, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, બિલ્ડર વરૂણ ઘનશ્યામભાઈ ગણાત્રા, પ્રવીણચંદ્ર કસ્તુરભાઈ શાહ, અતિથિ વિશેષ પદે કોબા ગ્રામ પંચાયતના માજી સરપંચ ગાંડાભાઈ બી પટેલ, ઉ દ ક પા સમાજના પ્રમુખ ચીમનભાઈ અંબાલાલ પટેલ ઉપસ્થિત રહેશે.

સાંજે ૭.૧૫ કલાકે શાળાના પટાંગણમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. આ સમારોહના પ્રમુખ તરીકે ગાંધીનગર જિલ્લા શાળા સંચાલક મંડળના બાબુલાલ નાથાલાલ પટેલ, મહેમાન તરીકે મહેસૂલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉદ્યોગપતિ સુરેશભાઈ કોબાવાલા, કોબા ગ્રામ પંચાયતના સરપંચ યોગેશભાઈ બી નાયી, ૪૮ ગામ કડવા પાટીદાર સમાજ, અમદાવાદના પ્રમુખ જયંતિભાઈ સોમાભાઈ પટેલ અને અતિથિ વિશેષ પદે ઉ દ ક પા સમાજના પ્રમુખ ચીમનભાઈ અંબાલાલ પટેલ, ઉદ્યોગપતિ મહેશભાઈ કાશીભાઈ અગ્રવાલ અને ગાંધીનગર વિસ્તારના પૂર્વ સાંસદ વિજયભાઈ એચ પટેલ ઉપસ્થિત રહેશે.

સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત અભિનય ગીત, મલ્હારી ડાન્સ, અર્વાચીન ગરબો, રાજસ્થાની ડાન્સ જેવી કૃતિઓને વણી લેવામાં આવી છે.

શહેરના પ્રતિભાશાળી યુવાનનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન થયું

બાપુશ્રી શંકરસિંહજી નોલેજ વિલેજ, વાસન મુકામે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના વરદ હસ્તે તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આઈટી એન્જિનીયરિંગમાં ૯૪ ટકા માર્ક્સ સાથે પ્રથમ ક્રમાંક મેળવનાર ગાંધીનગરના પ્રતિભાશાળી યુવાન ઋજિત મહેશભાઈ રાવલને પણ રાષ્ટ્રપતિના હસ્તે સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ ઓ પી કોહલી તથા વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા. ઋજિતની આ સિદ્ધિ અને સન્માનને સમસ્ત બ્રહ્મસમાજ વિસનગરા નાગર પરિવાર, ગાંધીનગર તથા સરઢવ ગામે પોતાનું ગૌરવ ગણાવી ઋજિત ઉપર અભિનંદનની વર્ષા કરી છે.

ડાયરેક્ટ સે

વન અને રણ :
એક લીલુંછમ : એક કોરું કટ.
એટલે જ તો
'જી-વન' અને 'મ-રણ' છે !

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૪
ગાંધીગીરી
૩.૩૦, ૧૦.૦૦
મોટુ પાટલુ
૭.૪૫
માય ફાધર ઈકબાલ
૫.૪૫
લવ ડે
૧.૦૦
સ્ક્રીન-૫
ઍમ ઍસ ધોની
૬.૩૦
થર્ટી ફર્સ્ટ ઑક્ટોબર
૧૦.૦૦, ૧૨.૩૦,
૩.૩૦, ૧૦.૦૦

ફેશરીઝ વિભાગના આસી. ડિરેક્ટર પ્રદ્યુમ્નસિંહ કે વાઘેલા દ્વારા સેક્ટર-૧૨ ખાતે તાલીમી ઍસસી બહેનોને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું તથા વિભાગની વિવિધ યોજનાઓની જાણકારી આપી, આ યોજનાઓનો લાભ લેવા જણાવાયું હતું. આ પ્રસંગે વિચરતી-વિમુક્ત જાતિના ચેરમેન નાથાભાઈ ચુનારા, ડેપ્યુટી ડિરેક્ટર મેહુલ થાનકી, કૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના સરલાબેન સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે પ્રદ્યુમ્નસિંહ વાઘેલાના પ્રયાસોથી ગાંધીનગર જિલ્લાના રાંધેજા, કોલવડા, પેથાપુર, બાવળા, લિંબોદ્રા, મુબારકપુર, અમરાપુર, ધણપ, બદપુરા વગેરે ગામોમાં ૫૦૦થી વધુ ઍસસી મહિલા લાભાર્થીઓને ૮ લાખ રૂપિયાના ચેકનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

જિલ્લા જુડો સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૪

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની જુડો સ્પર્ધા શ્રી પ્રબોધ પોપટલલા રવચંદ શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે યોજવામાં આવી હતી, જેમાં લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો અને વિજેતા પદ મેળવી શાળા તથા ગામનું નામ રોશન કર્યું હતું.

આ સ્પર્ધામાં પાર્વતી અર્જુનજી ઠાકોર, રાધિકા રમણજી ઠાકોર, હિના સંદિપજી ઠાકોર, અંકિતા ભરતસિંહ વાઘેલા, મિત્તલ ખોડાજી ઠાકોર અને વિધિ શંકરભાઈ ચૌધરી પ્રથમ સ્થાને વિજેતા બન્યાં હતાં. ધર્મિષ્ઠા મનોજભાઈ સોલંકી, શિવાની ભરતસિંહ ચાવડા, સીમા રમેશભાઈ પરમાર , જાગૃતિ રાયુભાઈ ઠાકોર દ્વિતિય સ્તાને તથા ભારતી કનુજી ઠાકોર, ખુશી અનોપસિંહ વાઘેલા, હેત્વી ઉપેન્દ્રભાઈ દરજી, ગાયત્રી કિશોરસિંહ ચૌહાણ, નિશા અશોકભાઈ પટેલ, પૂજા દીપકભાઈ દંતાણી, નિશા ચંદ્રકાન્ત વાઘેલા, વિરલ ભૂપેન્દ્રસિંહ વાઘેલા અને અર્પિતા સંજયસિંહ વાઘેલા તૃતિય સ્થાને વિજેતા બન્યાં હતાં.

તમામ વિજેતા ખેલાડીઓને તથા વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતને આચાર્ય તેજસિંહ પરમારે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

એસ. જી. પ્રાથમિક શાળા ખાતે વાલી મુલાકાત-આનંદ મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શનિવારના રોજ ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓના વાલીઓની મિટિંગ અને આનંદમેળો યોજાઇ ગયો. જેમાં શાળાના દરેક ધોરણના વિદ્યાર્થીઓએ કુલ ૧૪ જેટલા સ્ટોલ્સમાં ઊભા રહી ખાણીપીણી તેમજ જુદી-જુદી વસ્તુઓનું વેચાણ કર્યું હતું.

આનંદ મેળામાં આર્ટ ગેલેરી, હેન્ડીક્રાફ્ટ, ડ્રેસ મટિરિયલ્સ, મુખવાસ, ખાણીપીણી, વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનું વેચાણ ખૂબ સારું થયું હતું.

આનંદ મેળાનો મુખ્ય ઉદેશ્ય બાળકોના પબ્લિક રિલેશનના કૌશલ્યને નિખારવાનો હતો. બાળકોમાં સ્ટેજ ફીયર ઓછું થાય અને તેઓ નિર્ભયતાથી પોતાની રજૂઆત કરી શકે તેમજ વિવિધ કૌશલ્યનો વિકાસ થાય એ જ આ આનંદ મેળાનો મુખ્ય આશય હતો, જે ખૂબ જ સરસ રીતે પરિપૂર્ણ થયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ-અપ સમિટ અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી વિજયભારી રૂપાણીના હસ્તે આઈપી ઍટર્ની અને ઍડવોકેટ જતિન ત્રિવેદી લિખિત 'એ કોમ્પ્રીહેન્સીવ હેન્ડબૂક ઓન ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ફોર એન્ટરપ્રેન્યર્સ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ હૅન્ડબૂકનો ઉદ્દેશ સ્ટાર્ટ-અપની સિકલ બદલીને બિઝનેસમાં નવા પ્રવેશનાર ઉદ્યોગ સાહસિકોને આઈપી માટે સજ્જ બનાવવાનો છે. ભારત જ્યારે ઈનોવેસન આધારિત સમાજ તરફ આગળ વધે છે ત્યારે અને સરકાર જ્યારે પ્રેરક નીતિઓ દ્વારા પ્રોત્સાહન પૂરું પાડી રહી છે ત્યારે આપી (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી) માટે સજ્જતા દાખવવી એ વિશેષ મહત્ત્વનું બની રહે છે.

મિત્રતા એટલે વિશ્વાસનો શ્વાસ અને મનની મોટી 'હાશ'

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'ધ થ્રી મસ્કેટીયર્સ', 'ટ્વેન્ટી યર્સ આફટર' જેવી અદભુત રચનાઓના સર્જક ફ્રાન્સના એલેકઝાન્ડર ડુમાએ મિત્ર અને મિત્રતા માટે સરસ વાત કરી છે. ડુમા લખે છે કે, **'Friendship consists froget what one gives and remember what one receive'** અર્થાત મૈત્રીમાં આપણે કરેલું અને આપણે આપેલું યાદ રાખવાનું ન હોય, શું પ્રાપ્ત થયું એનું જ ધ્યાન રાખવાનું રહે. એલેકઝાન્ડર ડુમા એટલે યાદ આવી ગયા કે, ઓકટોબર તા. ૧૬, ૨૦૧૬ની એ રવિવારની ઊષા નગરમાં મિત્ર અને મિત્રતાની ભાવસભર સુગંધ પ્રસરાવતી ઉગી. ભાઈ સંજય થોરાતના પ્રથમ પુસ્તક 'હેલો ફ્રેન્ડસ'નું અનોખી શૈલીમાં વિમોચન થયું. પાટનગરના લોકપ્રિય અખબારમાં આવતી કટાર 'હેલ્લો ફ્રેન્ડસ'નું મજાનું પુસ્તક સ્વરૂપે સંકલિત થયેલું પ્રસ્તુતિકરણ થયું. ગાંધીનગર સમાચાર દૈનિકના તંત્રી, લેખક, વાચક, વિચારક અને વકતા કૃષ્ણકાંતભાઈ જહાએ ઘણા મિત્રોને અભિવ્યક્તિ માટે રાજમાર્ગ પૂરો પાડ્યો છે. ભાઈ સંજય એ રાજમાર્ગ ઉપર ચાલીને... સોરી દોડીને તેના પ્રથમ પુસ્તકની મંઝીલ સુધી પહોંચ્યા છે. કવિ, સાહિત્યકાર, ચિંતક એવા ભાગ્યેશભાઈ જહાએ મિત્ર અને મૈત્રીની પરિભાષાને તેમની આગવી શૈલીમાં અદભુત રીતે ઉજાગર કરી. પુસ્તક 'હેલો ફ્રેન્ડસ'ને ભાગ્યેશભાઈએ મસ્ત ઉઘાડ આપ્યો. જાણીતા કટાર લેખક ભવેન કચ્છીએ 'તાલી મિત્ર, પ્યાલી મિત્ર અને ખાલી મિત્ર'ના વિચારને વિસ્તૃત ઉદાહરણો સાથે મૂક્યો. રેડીયો મિર્ચીની **RJ** મેઘા અને કવિ કનૈયાલાલે પણ મિત્રતાના આકાશમાં શબ્દોથી મજાના રંગો પૂર્યા.

આખી આ વાતમાં કેન્દ્રવર્તી વિચાર 'મિત્ર અને મિત્રતા' છે. મિત્ર અને મિત્રતા એક એવો સરસ વિષય છે કે, આદિ-અનાદિ કાળથી આ વિષય ઉપર ઘણુ લખાય છે, વંચાય છે, જોવાય છે... પણ ખરેખર તો આ વિષય સદાકાળ 'પોપ્યુલર' એટલે છે કે એ હૃદય વાટે થઈને રોમે રોમમાં અનુભવાય છે. જીવનમાં બધા સંબંધો ઈશ્વર નક્કી કરીને આત્માને પૃથ્વી પર મોકલે છે. પહેલો શ્વાસ લેતાંની સાથે જ ઈશ્વરદત્ત લોહીના સંબંધોના ઉપહાર માનવીને આપોઆપ મળી જાય છે. મા-બાપ, ભાઈ-બહેન, કાકા-કાકી, મામા-મામી વગેરે. આખા જીવનમાં એકમાત્ર સંબંધ એવો હોય છે જે માણસ પોતે નક્કી કરે છે. અને એ છે 'દોસ્તી'નો સંબંધ.

મિત્ર અને મિત્રતા એવા બે શબ્દો છે કે જે સંબંધોનો સુખદ સરવાળો સર્જે છે. અહમ્‌ને ઓગાળી એકબીજામાં ભળવાની મોજ એટલે મિત્રતા. મૈત્રી તો જંગલ જેવી ગાઢ હોય. પ્રગાઢ હોય. ત્યાં વૈચારિક દંગલને કોઈ સ્થાન નથી. મિત્રતામાં હંમેશા આહ્‌લાદ હોય. વિશ્વાસનો શ્વાસ હોય. મનની 'હાશ' હોય.

એક શહેરમાં બે યુવાનો જીવ સટોસટના ખેલ કરી પૈસા કમાવાનું કામ કરે. શહેરના જુદા જુદા લત્તે ફરીને ખેલ કરી ગુજરાન ચલાવે. એમના ખેલમાં વૈવિધ્ય પણ જબરૂં. એમનો એક ખેલ એવો હતો કે, એક યુવાન આંખે પાટા બાંધી ૨૫-૩૦ ફૂટ દૂર ઊભેલા બીજા યુવાનના માથે મૂકેલો ટેનીસ બોલ તીરથી વિંધી નાખે. આસપાસ એકત્રિત ભીડનો જીવ એ પ્રસંગે અદ્ધર થઈ જાય. આ ખેલ હંમેશા હીટ રહેતો. એકવાર ખેલ જોવાવાળી ભીડમાંથી એક જણે આંખે પાટા બાંધેલા યુવકને જઈને પૂછ્યું 'ભાઈ, તને તો આંખે કાળી પટ્ટી છે... કશું દેખાતું નથી. તારો હાથ થોડોઘણો આઘોપાછો થાય તો પેલાને આંખમાં કે શરીરમાં તીર ઘુસી જાય. શક્ય છે કે એ આંધળો થઇ જાય કે પછી એનો જીવ પણ ગુમાવે... આ વધારે પડતો ભરોસો નથી લાગતો ?'

આ સાંભળીને પેલા યુવાને સરસ જવાબ આપ્યો. 'અરે ભાઈ, એ મારો મિત્ર છે... મને એની હજાર ગણી ચિંતા છે. મારી જાત કરતાં તેના ઉપર મને વધુ વિશ્વાસ છે. જે દિવસે મારો હાથ સહેજ પણ ધ્રુજશે એ દિવસ મારા જીવનનો અંતિમ દિવસ હશે.'

મિત્રતાનાં ચાર પરિમાણો હોય છે. જેમાં વાત અને અભિપ્રાય-પરામર્શની શાતા, સંબંધોની સુવાસ, અનુકૂલનની તરલતા અને એકબીજાના સુખ-દુ:ખની સંવેદનાનો સમાવેશ થાય છે.

મિત્રતામાં સૌથી પહેલું તત્ત્વ હોય પ્રેમ અને લાગણીનું. તમામ સંબંધોમાં મૈત્રીના સંબંધમાં જ નિસ્વાર્થ પ્રેમ અને ઊર્જા અનુભવાય. આ પૃથ્વી ઉપરના તમામ જીવોને પોતપોતાનો અલગ અલગ પરિધ હોય છે. જે પરિધમાં અલગ અલગ સ્થાન ઉપર રહેલા સંબંધોના પીક્સલ એકમેકને જોડાઈને જીવનનું ચક્ર બનાવે છે. જીવનચક્રમાં જ્યાં જ્યાં ભાઈબંધુઓના પીક્સલ જોડાય ત્યાં લાગણી અને પ્રેમનું ચાલકબળ – ઈંધણ સ્વરૂપે હોય છે. એ જીવનને તેજ રફતાર આપે.

ક્યારેક કોઈક સ્થળે કોઈ ભૂલ પણ થાય અને આ ભૂલને ભયાનક સ્વરૂપ મળી જાય એને ખાળવા સમય, શક્તિ અને નાણાંનો અઢળક ખર્ચ પણ થાય. પરંતુ જ્યારે કોઈપણ નાની કે મોટી ભૂલ થઇ ગયા બાદ એનો લેશ માત્ર કચવાટ કે ખચકાટ ન થાય અને થયેલી ભૂલના ચૂકાદાનો કોઈ ભય ન હોય, માત્ર સ્મિત હોય, એ સ્થળ એટલે મિત્રનો ચહેરો. ભુલ માટે દર્દ આપતા લીસોટા નહીં પણ જમાનાએ આપેલા દર્દ ઉપર રુઝ લાવતા અકસીર મલમનું નામ મૈત્રી.

લાગણીઓને એનલાઈઝ કરવા માટે ઈશ્વરે આપેલી અને માનવીએ વિકસાવેલી અદ્‌ભૂત શક્તિ એટલે મૈત્રી. પ્રેમ, ઉષ્મા, ક્રોધ વગેરે લાગણીઓનો મિત્ર પાસે યોગ્ય માર્ગ હોય છે. એક બૌદ્ધ તત્ત્વચિંતકે સરસ વાત કરી છે કે, 'માનવીય લાગણીઓને અભિવ્યક્ત કરવા માટે મૈત્રી જેવો માર્ગ ન હોત તો વિશ્વના મોટાભાગના માણસો પાગલ હોત.' એકબીજાનો સાથ અને એકબીજા સાથેનો આનંદ અને એકબીજા ઉપર વિશ્વાસ મિત્રતાનો સાચો શ્વાસ છે. મૈત્રી એક જ યોનીમાં હોય એ જરૂરી નથી. પ્રાણી, પક્ષી, મનુષ્ય કોઈપણ બે આત્માનો વિશ્વાસ સાથે મૈત્રીપૂર્ણ સંબંધ ઐશ્વરીય આનંદ આપી શકે. સંવેદના અને સચ્ચાઈ મિત્રતાના બે અણમોલ અંશો છે. લોહી એકને નીકળે અને આંસુ બીજાની આંખમાંથી ટપકે એ જ મિત્રતાની સંવેદનાની સચ્ચાઈ છે. મિત્રની આંખમાં સચ્ચાઈ અને અચ્છાઈ દુનિયાભરનું સુખ સાગમટું લાવી દે છે. જીવનના વિવિધ સંબંધોનું સૌંદર્ય જરૂર હોય, પરંતુ મિત્રતાનું અલૌકિક સૌંદર્ય જીવનમાં અજબનું માધુર્ય લાવે છે. એકલતા જીવનનો મોટો અભિશાપ છે. એકલતાના વમળોને તોડીને મૈત્રીના સાગરમાં મસ્તીથી મહાલવાનું એટલું સરળ પણ નથી. ૧૮મી સદીમાં અમેરિકાના બોસ્ટનમાં જન્મેલા હેનરી બ્રુક્સ એડમ્સના લખાણોમાં મિત્ર અને મિત્રતાની સુવાસ હંમેશા ટપકતી રહે છે. હેનરીએ એક જગ્યાએ લખ્યું છે કે, 'બે અલગ અલગ લક્ષ્ય સાથે જીવાતી જિંદગીમાં પણ એક વિચારધારા સાથે વહેતા હોય એવો એક વ્યક્તિ મળે તો પણ જીવન ધન્ય છે, એવા બે વ્યક્તિ મળે તો વધારે છે, ત્રણ આવા પાત્રો મળવા અસંભવ છે.'

સારા મિત્ર બનવા માટે પહેલા તો સારા માણસ બનવું પડે. બીજા કોઈ લોહીના સંબંધના કારણે મૈત્રી જ્યારે જ્યારે દાવ પર લાગી છે ત્યારે એ મૈત્રી નથી. ત્યારે તો મિત્રતાનું માત્ર નામ હોય છે. મિત્રતાના પવિત્ર સંબંધનો આંચળો ઓઢી સ્વાર્થ એનુ કામ કરતો હોય છે. સાદા શબ્દોમાં કહીએ તો એ માત્ર દંભ અને દેખાવ છે. મિત્રતામાં નાણાં, સમય અને શક્તિ આ ત્રણ બાબતો નગણ્ય હોય. રૂપિયા પૈસાની ગણતરી અને સમય-શક્તિનો વપરાશ કેટલો થયો એ વાતને મૈત્રીમાં કોઈ સ્થાન જ ન હોય. લોહીની સગાઈના સંબંધ તો આપણા હાથમાં ક્યાં હોય છે ? પણ મિત્ર તો આપણે જાતે નક્કી કરીએ છીએ. એમાં ગણતરીઓ શેં પાલવે?

મિત્રો તો જન્મે છે બનાવાતા નથી. જીવનમાં સુખનું સાચું સરનામું મિત્રોની લીલી વાડી છે. મિત્રોની સોડમથી મઘમઘતી જિંદગી જીવનને અર્થપૂર્ણ બનાવે છે. ગમે એવી મુશ્કેલીના મસમોટા પહાડોમાં મૈત્રીનું ઝરણું પરમ શીતળતા આપે છે. મૈત્રી એક આનંદ છે, અહેસાસ છે, મિત્ર એ શક્તિનો સ્ત્રોત છે મૈત્રી. આનંદનું મજબૂત આવરણ છે.

: ધબકાર :

ધન્ય જીવનની અનુભૂતિનો થયો રે સાક્ષાત્કાર, મૈત્રી ભાવથી ઝળાહળા આ હૃદયનો ધબકાર

- જયદીપ કાજી